ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૪ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૦૧-૦૯-૨૦૧૭ શુક્રવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

## આચાર્ય જ્ઞાનેશ્વરજીની અધ્યક્ષતામાં કેનેડામાં બહુકુંડીય યજ્ઞ અને અમેરિકામાં ટીનેજર્સ માટે વિશેષ યજ્ઞ અને સત્સંગના કાર્યક્રમો યોજાયા



વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડનાં આચાર્ય જ્ઞાનેશ્વરજી તાજેતરમાં અમેરિકા તથા કેનેડાની પ્રચાર યાત્રાએ ગયા હતા. અમેરિકામાં યોજાયેલા આર્યોનાં મહાસંમેલનમાં ઉદ્‌બોધન કર્યા બાદ તેઓ કેનેડા ગયા હતા.

કેનેડામાં અનેક પારિવારીક સત્સંગો ઉપરાંત તેમણે એક બહુકુંડીય યજ્ઞનું આયોજન કર્યું હતું. યજ્ઞ અને ધ્યાન એ બે આર્યોની ઓળખ બની ગયા છે ત્યારે આર્યસમાજ, માર્ખમ-કેનેડા દ્વારા આયોજિત આ બહુકુંડીય યજ્ઞમાં આર્યસમાજ માર્ખમનાં આર્યપરિવારોએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ભાગ લીધો હતો.

બહુકુંડીય યજ્ઞનાં આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત આર્ય પરિવારોને ઉદ્‌બોધન કરતાં આચાર્ય જ્ઞાનેશ્વરજીએ વિદેશની ધરતી ઉપર રહીને પણ વૈદિક પરંપરાઓ ન છોડવા અને તેને ભાવી પેઢી સુધી પહોંચાડવાનાં કાર્યોની પ્રસંશા કરી હતી. તેમણે યજ્ઞ દ્વારા પર્યાવરણ શુદ્ધિની સાથે યજ્ઞનો આધ્યાત્મિક સંદેશ પણ લોકો સુધી પહોંચાડી યજ્ઞનાં સંપૂર્ણ લાભો ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે લોકોને નિયમિત યજ્ઞ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

વૈદિક પરિવારોમાં યજ્ઞ અને ઈશ્વર ઉપાસનાની પરંપરા જાળવી રાખવી ભારતમાં પણ સમસ્યા બની ગઈ છે ત્યારે વિદેશની ધરતી ઉપર વસતા વૈદિક પરિવારોનાં સંતાનો આ અમૂલ્ય વારસાને ગુમાવી ન દે તે માટે તો વિશેષ પ્રયત્નોની આવશ્યકતા છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને જ અમેરિકાનાં ન્યુજર્સી ખાતે આવેલા વિવેકાનંદ મેમોરીયલ ખાતે ટીનેજર્સ માટે યજ્ઞ અને પ્રવચનનો વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ યજ્ઞ સંપન્ન કરાવી તેમને વૈદિક ધર્મને સરળ ભાષામાં સમજાવ્યો હતો.

### વૈદિક પરિવારની ગાંધીનગર શાખા અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે

## હિલવુડ સ્કુલ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાયો




**ગાંધીનગર**

વૈદિક પરિવારની ગાંધીનગર શાખા અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરની પ્રતિષ્ઠિત એવી હિલવુડ સ્કુલ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટનો ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો.

વિષય નિષ્ણાત શ્રી અરવિંદભાઈ રાણા અને તેમના સહયોગી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા આ વર્કશોપનું સંચાલન કરવામાં આવ્યું હતું.

શ્રી અરવિંદભાઈ રાણાએ ચિંતા, તણાવ અને હતાશા-નિરાશા વિશે સમજણ આપી તણાવનાં કારણો અને તેને દૂર કરવાના ઉપાયો વિશે વિસ્તૃત સમજ આપી હતી. શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પ્રાણાયામ, ધ્યાન અને આત્મનિરીક્ષણ વિશે સમજ આપી હતી.

આ વર્કશોપનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, વિષય નિષ્ણાત અને વૈદિક પ્રચારક શ્રી અરવિંદભાઈ રાણા, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડા, મંત્રી શ્રી અભેરાજભાઈ ચૌધરી અને શાળાનાં આચાર્યા શ્રી સુનીતાબહેન સહગલ પ્રથમ સત્રમાં ઉપસ્થિત રહ્યાં હતા.

અગ્નિપથ

# આત્મા નિત્ય, અવિનાશી અને અપરિવર્તનશીલ છે

ભૂમિકા : જ્યારે મનુષ્ય બીજાની ચિંતાને પોતાની ચિંતા માનીને તેની ચિંતા કરીને મરી જાય છે અર્થાત્ બીજા માટે ખોટી ચિંતા કરીને એકદમ દુઃખી થઈ જાય ત્યારે કહેવામાં આવે છે કે..

ઉંટ લદે, ઔર ગધા ગિર-ગિર જાય, હાય રામ, યે બોઝ કૌન લે જાએ.

અર્થાત્ ભાર તો ઉંટ ઉપર લાદવામાં આવી રહ્યો છે અને તેની ચિંતા ગધેડાને થઈ રહી છે કે, હાય રામ! આ ભાર કેવી રીતે લઈને જશે? એ પ્રકારે આપણે નથી, જે આપણા ગુણ નથી, જે વસ્તુ આત્માથી અલગ છે, ત્યાં એમ માનીએ કે આ બધા પદાર્થોમાં આત્માનો બોધ છે એટલે કે એ હું છું. આ મારું છે. આ મારી વસ્તુ છે એવું માની લેવામાં આવે છે. આવી સ્થિતિમાં મનુષ્ય સ્વયંને બીજામાં જોઈ રહ્યો છે. આ પ્રકારે સ્વપ્નોની દુનિયાનો પ્રાણી બની તે જે નથી, તેને પોતાની અંદર અભિવ્યક્ત કરવામાં, આ પોતાની જ દુનિયા છે એમ દેખાડવાની ચેષ્ટામાં સ્વયંને ખર્ચી રહ્યો છે. આ નર્યો બકવાસ જ છે કે બીજું કાંઈ ? આ કાંઈ નથી, કેવળ જીવાત્માનું મિથ્યા જ્ઞાન છે. પરાયાને પોતાનું સમજવું એ પરેશાનીઓનું કારણ બને છે. આચાર્યજી કહે છે કે...

પોતાનાથી અલગ પદાર્થોને પોતાના માની લેવા એ સમસ્યા ઉત્પન્ન કરે છે. અજ્ઞાની હોવાને કારણે, પ્રાકૃતિક પદાર્થો ઉપર નિયંત્રણ ન રાખવાને કારણે, પ્રકૃતિના સાનિધ્યમાં આવવાને કારણે, પ્રકૃતિના જે ગુણો છે, તે ગુણોને જીવાત્મા પોતાની અંદર આધારિત માની લે છે. તેનાથી પોતે પ્રભાવિત થઈ સુખી-દુઃખી અને મોહિત થાય છે.

એક અતિસૂક્ષ્મ વાત યોગદર્શનના વ્યાસ ભાષ્યમાં આવી છે. વ્યાસ ભાષ્ય પ્રમાણે પુત્ર, મિત્ર, પશુ વગેરે ચેતન અને ધન, સંપત્તિ, ભૂમિ વગેરે જડ પદાર્થોને પોતાનું સ્વરૂપ માનીને તેની સંપન્નતા ઉપર પોતાની સંપન્નતા માનીને પ્રસન્ન થાય છે. તે સમસ્તના નષ્ટ થવામાં પોતાની નષ્ટતા માનીને દુઃખી થાય છે. એવું માનનાર માનવી અજ્ઞાની છે.

કેટલી ગંભીર અને સૂક્ષ્મ વાત અહિં કહેવામાં આવી છે. આ એક સિદ્ધાંતને સમજી લેવાથી વ્યક્તિ પાસે કોઈ સમસ્યા રહેતી નથી. સમસ્ત સમસ્યાઓનો ઉકેલ આ એક વાક્યની અંદર સમાયેલો છે.



## સમસ્યા સમાધાન..

- આચાર્ય જ્ઞાનેશ્વરજી

અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન

દાનની પ્રવૃત્તિ, સેવાભાવ, સાધના આદિ વિશેષ ગુણો જીવે ઈશ્વર પાસેથી પ્રાપ્ત કર્યા છે. એ ગુણો જીવાત્મા પાસે નથી. જીવાત્માની પાસે કેવળ ચેતનતા છે. ગ્રાહ્ય શક્તિ (જ્ઞાનને ગ્રહણ કરવાની શક્તિ) છે. જેટલા પણ ગુણો જીવાત્મામાં આવ્યા છે, એ કાં તો પ્રકૃતિનાં સાનિધ્યથી આવ્યા છે અથવા ઈશ્વરનાં સાનિધ્યથી આવ્યા છે. એક વ્યક્તિ બળવાન છે એ સમસ્ત બળ જે વ્યક્તિ પાસે છે, તે પ્રકૃતિમાંથી આવ્યું છે, અથવા ઈશ્વર તરફથી મળ્યું છે. પોતાની પાસે એટલું બળ નથી. રૂપ, વિદ્યા, વાણી, સેવાભાવ, વિનમ્રતા, સંયમ, સરળતા, પુરૂષાર્થ, તપસ્યા, ત્યાગ, નિષ્કામતા, સહનશીલતા આદિ જે કાંઈ પણ ગુણ તેની પાસે છે અને કર્મ કરવાનું સામર્થ્ય છે, તે સમસ્ત ગુણધર્મ ઈશ્વર અને ઈશ્વર-પ્રદત્ત આ પ્રકૃતિથી બનેલા પદાર્થોના માધ્યમથી મળ્યા છે.

જે જીવાત્મા આ જડ અને ચેતન પદાર્થો અને ગુણોને પોતાના માને છે, તે દુઃખી થાય છે. શાસ્ત્રોક્ત દેવદત્ત નામના એક વ્યક્તિનું ઉદાહરણ દેવામાં આવ્યું છે કે જેની એક ગાય મળી ગઈ, બીજી અને પછીત્રીજી ગાય પણ મરી ગઈ. મરી છે ગાય પરંતુ દેવદત્ત કહે છે - હાય! હું મરી ગયો. એ સૂક્ષ્મ વિષયને દર્શનકારો કેટલી સરળતાથી, સ્પષ્ટતાથી સમજાવી દે છે.

એ વાત આપણે સ્પષ્ટતાથી સમજવી જોઈએ કે કોઈ કોઈને ગમે તેટલું દુઃખ આપે, ગમે તેમ શરીરને કાપે, શરીરને બાળે, ટુકડા કરી નાંખે, ચામડી ઉતારી લે આ બધી ક્રિયા શરીરમાં થાય છે. આ ક્રિયાઓ આત્મામાં થતી નથી. આત્મા તો નિત્ય, અવિનાશી અને અપરિવર્તનશીલ છે. પરંતુ આ પરિસ્થિતિમાંથી પસાર થતી વખતે જીવ એમ માને છે કે મારા આત્માને કાપી રહ્યાં છે, આત્મા બળી રહ્યો છે. આત્માની ચામડી ઉતારવામાં આવી રહી છે. આ અજ્ઞાનતા મન-મતિષ્કમાં બની રહેલી છે.

મનિઓએ દુઃખનું નિવારણ કરવા માટે ઘણા સુંદર ઉપાયો દર્શનોમાં બતાવ્યા છે. આ ઉપાયોને યોગ્ય રીતે જાણી, સમજી અને તેને ક્રિયાન્વિત કરી, તેનો અભ્યાસ કરી લેવાથી કોઈ વ્યક્તિ કદી પણ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી દુઃખી થઈ જ ન શકે. જે વ્યક્તિ કોઈ વસ્તુને પોતાની માનશે જ નહિં કે આ મારી છે તો પછી દુઃખ કઈ વાતનું થશે? થશે જ નહિ. પોતાનાં માને છે ત્યારે દુઃખ તો થવાનું જ. (ક્રમશઃ)

## ચરોતર પ્રદેશ...

(પાન-૪નું શેષ)

ઉપરાંત વ્યક્તિ જો જ્ઞાની ન બને તો ક્યારેય સુખી બની શકે નહીં તેવું કહી તેમણે ગુરૂના ઋણોની યાદ અપાવી હતી. આ ત્રણેયને પ્રિય હોય તેવું આચરણ કરવા તેમણે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓનો બૌદ્ધિક વિકાસ થાય અને ઈતર પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તેવા ઉમદા હેતુથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ 'યોગઃ તન અને મનની તંદુરસ્તી' એ વિષય રાખવામાં આવ્યો હતો. જેમાં ૪૭ હાઈસ્કુલોએ પોત-પોતાની શાળામાં સ્પર્ધાનું આયોજન કરી ભાગ લીધો હતો. આ નિબંધ સ્પર્ધામાં શાળાદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારને સંસ્થાએ પ્રમાણપત્ર, સાત વૈદિક પુસ્તકોનો સેટ તથા ઈનામ આપવામાં આવ્યા હતા. મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે બાળકોને ઈનામો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલાએ આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ માટે પ્રીતિ ભોજનની વ્યવસ્થા હતી.




॥ओ३म्॥

**સસ્નેહ નિમંત્રણ**

**પૂજ્ય સ્વામી વિવેકાનંદજી**
**પરિવ્રાજક નું મોરબી માં આગમન**

સાદર નમસ્તે

ઉપનિષદ ના શ્રેયમાર્ગ પર ચાલતા પૂજ્ય સ્વામીજી પ્રેય માર્ગ પર ચાલી રહેલ જીવાત્માઓને મનુષ્ય જીવનની સાચી સાર્થકતા-વિકાસ-સફળતા માત્ર અને માત્ર શાંતિ-એકતા અને વૈદિક રીતીઓ પરંપરાઓનું પાલન કરી અને પરસ્પર વિશ્વાસ શ્રધ્ધા નિર્ભીકતા અને શુધ્ધ પ્રેમના સ્થાપન દ્વારા જ શકય છે, તે બાબત પર પોતાની અમૃતમયી વાણી દ્વારા પ્રકાશ પાથરશે આ તકે આર્યસમાજ દ્વારા (૨) વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. તો આપ સર્વે સહકુટુંબ મિત્રવૃંદ સાથે પધારી દિવ્ય લાભ લેશો તેવી પ્રાર્થના.

**કાર્યક્રમ**

**(૧) તારીખ :** ૯/૯/૨૦૧૭, શનિવાર રાત્રે ૮:૪૫ થી ૧૦:૧૫ કલાકે
**વિષય :** શ્રેય માર્ગ અને પ્રેયમાર્ગ તથા શંકા સમાધાન
**સ્થળ :** આર્ય સમાજ મંદીર, લખધીરવાસ ચોક, મોરબી.

**(૨) તારીખ :** ૧૦/૯/૨૦૧૭, રવિવાર સવારે ૭:૩૦ થી ૯:૩૦ કલાકે
**વિષય :** નિરાકાર ઈશ્વરની ઉપાસના તથા યજ્ઞ - ભજન - શંકા સમાધાન
**સ્થળ :** ચિત્રકુટ સોસાયટી, શેરી નં.-૩, C/o. શ્રી મણીભાઈ ગડારા,

સ્થાન સૌજન્ય : વૈદિક પરિવાર


## દર્શન યોગ...

(પાન-૩નું શેષ)

અને ઉપયોનું જ્ઞાન આપવામાં આવશે.

શિબિરમાં જોડાવા માટે darshanyog.org ની વેબસાઈટ ઉપર લોગઈન જઈને ઓનલાઈન ફોર્મ કરવાનું એક અખબારી યાદીમાં જણાવ્યું છે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૪૦૯૪ ૧૫૦૧૧ ઉપર પણ સંપર્ક કરી શકાશે.

### ચરોતર પ્રદેશ આર્યસમાજ-આણંદ ખાતે

## ૭૧મા સ્વાતંત્ર્ય દિવસ અને જન્માષ્ટમીની ઉજવણી કરાઈ



ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ છેલ્લા ૯૦ વર્ષોથી અવિરત સામાજીક, ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્ય કરી રહી છે. ગત ૧૫મી ઓગષ્ટનાં રોજ ૭૧મો પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધ્વજ ફરકાવ્યા બાદ સંસ્થાનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલાએ સૌને સ્વાધીનતા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સૌને રાષ્ટ્રભક્ત બનવા પ્રેરણા આપી હતી.

જોગાનુજોગ આ વખતે તે જ દિવસે કૃષ્ણ જન્માષ્ટમી હતી એટલે સૌએ સાથે મળીને પર્વ યજ્ઞની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પં. વિજયકુમાર આર્યએ યોગેશ્વર શ્રીકૃષ્ણનાં જીવનના પ્રસંગો વર્ણવ્યા હતા.તેમણે ઉપસ્થિત આર્યજનોને શ્રીકૃષ્ણના જીવનને ચિરતાર્થ કરવાની નમ્ર અપીલ કરી હતી.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા યુવા ટીમ તૈયાર કરાઈ

# જય રાણા રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલનાં ચાર્ટર પ્રેસિડન્ટ બન્યા









રોટરી ક્લબ એ સેવા, શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રના સામાજિક કાર્યોમાં અગ્રેસર સેવાવ્રતી વૈશ્વિક સંસ્થા છે. રોટરી ક્લબની યુવા પાંખ એટલે રોટરેક્ટ ક્લબ. રોટરેક્ટ ક્લબમાં ૧૮ થી ૩૦ વર્ષની વયનાં યુવક-યુવતિઓ સભ્ય બની શકે છે.

ગાંધીનગરમાં ૨૦૦૫થી કાર્યરત રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે શ્રી બી. કે. ચાવડાનાં પ્રમુખપદે એક ઐતિહાસિ કાર્ય સંપન્ન થયું છે. આ વર્ષે ગાંધીનગરમાં રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની સ્થાપના ગત તા. ૨૯-૮-૨૦૧૭નાં રોજ કરવામાં આવી હતી. ૨૫ યુવા સભ્યોનવ રોટરેક્ટર બની એક આંતરરાષ્ટ્રીય અને ગૌરવવંતી સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકાયેલી ક્લબનાં સભ્યપદ મેળવ્યાનો આનંદ ઉડીને આંખે વળગે તેમ દેખાતો હતો.

રોટરેક્ટ ક્લબનાં ચાર્ટર પ્રમુખ બનવાનું સૌભાગ્ય શ્રી જય રાણાને પ્રાપ્ત થયું હતું. જ્યારે ચાર્ટર સેક્રેટરી તરીકે શ્રી મહર્ષિ દવેએ શપથ લીધા હતા. પ્રેસિડન્ટ



ઈલેક્ટ તરીકે શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, જોઈન્ટ સેક્રેટરી તરીકે શ્રી હેમીલ પ્રજાપતિ, ટ્રેઝરર તરીકે શ્રી પૂજન જોષી, વાઈસ પ્રેસિડન્ટ તરીકે શ્રી યશ બ્રહ્મભટ્ટ, બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં ક્લબ સર્વિસમાં શ્રી ચાર્વાક ગુમાની, કોમ્યુનિટી સર્વિસમાં શ્રી હેમલ પટેલ, પ્રોફેશનલ ડેવલપમેન્ટમાં શ્રી શ્યામ નાયર અને ફાઈનાન્સમાં શ્રી પરીક્ષિત દવેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગરનાં મેયર શ્રી પ્રવીણભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરનાં ડેપ્યુટી મ્યુનિસીપલ કમિશ્નર શ્રી જે. બી. બારૈયા અને આસીસ્ટન્ટ ગવર્નર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે ખાસ ઉપસ્થિત રહી રોટરી ક્લબની પ્રવૃત્તિઓની પ્રસંશા કરી યુવા ટીમ તૈયાર કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ઈન્સ્ટોલેશન ઓફીસર રોટરેક્ટ ચેરપર્સન શ્રીમતી અંજલીબહેન ભટ્ટે શપથવિધિ સંપન્ન કરાવી હતી.

રોટરેક્ટ ક્લબ સ્થાપનાનાં કો-ઓર્ડીનેટર અને પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા, ચાર્ટર પ્રેસિડન્ટ શ્રી જગતભાઈ કારાણી, સિનીયર રોટે. શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, પદાધિકારીઓ શ્રી પાર્થભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી પ્રહલાદભાઈ પટેલ સહિત અનેક સભ્યો, રોટરેક્ટર ક્લબનાં નવા મેમ્બર્સ અને તેમના પરિવારજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મંચ સંચાલન પૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ અને સુશ્રી જયશ્રીબહેન ખેતીયાએ કર્યુ હતું.

---

**દર્શન યોગ મહાવિદ્યાલયમાં**

## ઉચ્ચસ્તરીય ક્રિયાત્મક યોગ શિબિર યોજાશે


દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડ ખાતે આગામી ૨૦ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમ્યાન ઉચ્ચસ્તરીય ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર યોજાશે.

આ પાંચ દિવસીય શિબિર સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકની અધ્યક્ષતામાં યોજાશે. આ શિબિરમાં ઉચ્ચ સ્તરનાં સાધક-સાધિકાઓ ભાગ લઈ શકશે. અગાઉ યોગ શિબિરોમાં ઓછામાં ઓછો બે શિબિરોમાં ભાગ લીધો હોય તેવા સાધકો જ આ શિબિરમાં પ્રવેશને પાત્ર રહેશે.

શિબિરમાં વેદ, દર્શન આદિ ગ્રન્થોના આધાર ઉપર ધ્યાન, ઉપાસનાનું પ્રશિક્ષણ આપવામાં આવશે. વિવેક-વૈરાગ્ય, સમાધિની પ્રાપ્તિ માટે નિદિધ્યાસનનું સ્વરૂપ જેવા અનેક વિષયો ઉપર વૈજ્ઞાનિક વિધિ

**(અનુ. પાન-૨ ઉપર)**

## આર્યસમાજ-ગાંધીનગર ખાતે ત્રિદિવસીય વેદ પ્રચાર કાર્યક્રમ યોજાઈ ગયો



આર્યસમાજ-કાંકરિયા, અમદાવાદ દ્વારા સંચાલિત આર્યસમાજ-ગાંધીનગર ખાતે વૈદિક ધર્મનાં પ્રચાર-પ્રસાર માટે ત્રિદિવસીય વેદ પ્રચાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત ૨૨ થી ૨૪મી ઓગષ્ટ દરમ્યાન યોજાયેલા આ કાર્યક્રમમાં વેદોપદેશ માટે દર્શન યોગ





મહાવિદ્યાલય, આર્યવન-રોજડથી સ્વામી ધ્રુવદેવજી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે ગાંધીનગર તેમજ અમદાવાદથી આવતા ધર્મપ્રેમી સજ્જનોને વેદનાં આધારે યજ્ઞનું મહત્વ, સ્વાધ્યાયનું મહત્વ અને દાનની મહિમા વર્ણવી આર્યજનોમાં યજ્ઞ, સ્વાધ્યાય અને દાનની પ્રવૃત્તિ વધે તે માટે પ્રેરક અને જ્ઞાનવર્ધક ઉપદેશ આપ્યો હતો. અંતિમ દિવસે સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકે ઉપસ્થિત રહી નિષ્કામ કર્મો કરતા રહેવા પ્રેરણા આપી હતી. તેમણે સૌને સારા કર્મો કરવાનો સંકલ્પ પણ કરાવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ વૈદિક યજ્ઞની કરવામાં આવતો હતો. આર્યસમાજ કાંકરિયાનાં પુરોહિત શ્રી વેદબંધુજી દરરોજ યજ્ઞ સંપન્ન કરાવતા હતા. યજ્ઞ બાદ ભજનોપદેશક શ્રી યોગેશદત્ત આર્ય દ્વારા સુમધુર સ્વરમાં ભજનોનાં માધ્યમથી ગૃહસ્થ જીવનને સફળ બનાવવાનાં ઉપાયો જણાવ્યા હતા.

આ ત્રિદિવસીય કાર્યક્રમના પ્રારંભમાં ભજનોપદેશક શ્રી યોગેશદત્તજી , ગાંધીનગરનાં વૈદિક પ્રચારક વાનપ્રસ્થી અને વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, આર્યસમાજનાં મંત્રી શ્રી ભરતભાઈ અગ્રવાલ, વૈદ્ય શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ, કાર્યક્રમની સંયોજીકા સુશ્રી શશીબહેન કંસારા, સી.એ. શ્રી રમેશભાઈ પુજારા વગેરે મહાનુભાવોનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે શ્રાવણી પર્વ તથા નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો










બીમલ ઠાકર

આણંદ

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે તાજેતરમાં આર્યોના પ્રાચીનતમ પર્વ શ્રીવણી ઉપાકર્મ વિધિ કાર્યક્રમનું આયોજન શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પરંપરાગત રીતે વૈદિક પદ્ધતિથી કરવામાં આવ્યું હતું.આ પાવન પ્રસંગે ચરોતરનાં સેંકડો આર્યજનો, વિવિધ હાઈસ્કુલના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ વાલીઓ અને શિક્ષક બંધુઓ સહિત આમંત્રિત મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રાવણી પર્વની શરૂઆત વૈદિક સંધ્યાથી કરવામાં આવી. ત્યારબાદ જનોઈ ધારણ કરવાનો વિધિ ધર્માચાર્ય પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાંતાચાર્ય) તથા પં. કનુપ્રસાદ શાસ્ત્રીના સંયુક્ત બ્રહ્મત્વમાં વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક કરાવવામાં આવ્યો. યજ્ઞની સમાપ્તિ પછી યજ્ઞ પ્રાર્થના તથા વૈદિક આરતીનું સમુહગાન કરવામાં આવ્યું હતું.

પર્વ પ્રસંગે હાજર સૌનું સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ શાબ્દિક સ્વાગત કરીને ગાંધીનગરથી ખાસ આમંત્રિત અગ્નિપથનાં તંત્રી અને વૈદિક પ્રવક્તા શ્રી અરવિંદભાઈ રાણાનું પુષ્પાહાર પહેરાવી ભાવભીનું સ્વાગત સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલાએ કર્યું હતું અને ઉપદેશ આપવા વિનંતી કરી હતી.

શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં જનોઈનું મહત્વ સમજાવતાં કહ્યું હતું કે જનોઈના ત્રણ ધાગા વૈદિક ત્રૈતવાદની યાદ અપાવે છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્યસમાજનાં દસ નિયમો ઘડેલા છે, તેપૈકીનો છઠ્ઠો નિયમ 'સંસારનો ઉપકાર કરવો આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે, અર્થાત્ શારીરિક, આત્મિક અન સામાજિક ઉન્નતિ કરવી.' આમ મહર્ષિ દયાનંદે પણ આર્યસમાજની સ્થાપના આ મુખ્ય ત્રણ ઉદ્દેશ્યોની પૂર્તિ માટે કરી છે તેની યાદ પણ આ જનોઈનાં ત્રણ ધાગા અપાવે છે.

આ ઉપરાંત પ્રત્યેક મનુષ્ય ઉપર ત્રણ પ્રકારના ઋણ છે. માતૃઋણ, પિતૃઋણ અને આચાર્યનું ઋણ અર્થાત ગુરૂનું ઋણ. તેમણે વિદ્યાર્થીઓને વિશેષ ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે માતા અને પિતા દરેક બાળકનાં વિકાસમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. તેમના આપણા ઉપર અનેક ઋણ છે. આ (અનુ. પાન-૨ ઉપર)

# આર્યસમાજ, ભાવનગર દ્વારા આચાર્ય રામદેવજીનાં સાનિધ્યમાં ત્રિદિવસીય મહાભારત કથાનું સફળ આયોજન કરવામાં આવ્યું



ભાવનગર

આર્યસમાજ, ભાવનગર દ્વારા ગત ૧૮ થી ૨૦ ઓગષ્ટ દરમ્યાન ત્રિદિવસીય મહાભારત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં કથાકાર તરીકે મહર્ષિ દયાનંદ સરસ્વતી ઉપદેશક મહાવિદ્યાલય, ટંકારાનાં આચાર્ય શ્રી રામદેવજી આર્યએ ઉપસ્થિત રહી કથાનું રસપાન કરાવ્યું હતું.

આ કથાનું આયોજન કરવા પાછળનો મુળ આશય મહાભારતનાં આધારે વૈદિક પરંપરા, ઉચ્ચ મૂલ્યોની તથા સિદ્ધાંતોની જાણકારી લોકોને મળે તે હતો. સાથે સાથે સમાજમાં મહાભારત વિશે પ્રવર્તતી ખોટી માન્યતાઓથી લોકો બચે તે પણ જરૂરી છે અને એટલે જ આ કથામાં ખોટી માન્યતાઓનું પ્રમાણ સહિત ખંડન કરવામાં આવ્યું હતું.

આચાર્ય રામદેવજીએ અનેક ઉદાહરણો, તથ્યો અને પ્રમાણોને રજૂ કરી આપણી પ્રાચીન ગૌરવમયી સંસ્કૃતિ, સભ્યાતા અને પરંપરાઓની જાણકારી આપી હતી. સાથે સાથે દ્રોપદિનાં પાંચ પતિ હોવાની વાત ખોટી સાબિત કરી પતિનો સાચો અર્થ સમજાવ્યો હતો. પતિ એટલે રક્ષણ કરનાર. દ્રોપદિની રક્ષા આ પાંચેય ભાઈઓનાં માધ્યમથી થતી હોવાથી તેના પાંચ પતિ કહેવાતા હતા. આમ, શબ્દનાં સાચા અર્થને ન જાણવાથી માત્ર પ્રચલિત અર્થ ગ્રહણ કરવાથી અર્થનો અનર્થ થઈ જતો હોય છે તેમ જણાવી તેમણે આવી ખોટી માન્યતાઓને દૂર કરવા અનુરોધ કર્યો હતો.

આ ત્રણેય દિવસો દરમ્યાન મહાભારતની કથાનો કાર્યક્રમ શરૂ કરતાં પહેલાં વૈદિક હવનનું આયોજન કરવામાં આવતું હતું. જેમાં પંડિત શ્રી ધર્મેન્દ્રજી શાસ્ત્રી દ્વારા યજ્ઞ કાર્ય ભક્તિભાવથી સંપન્ન કરવામાં આવતું હતું.

આર્યસમાજનાં વિશાળ સભાગૃહમાં આયોજિત આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી રાજેશભાઈ પારેખ, મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ ગોહીલ અને સહમંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલ સહિત અનેક કાર્યકર્તાઓએ પ્રસંશનીય કામગીરી કરી હતી.

# વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ઓકટોબર માસમાં ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર યોજાશે

વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન-રોજડ ખાતે આગામી ઓક્ટોબરની ૨૨ થી ૨૯ દરમ્યાન ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવનાર છે.

આ આઠ દિવસીય શિબિરમાં ભાગ લેવા માટે ૧૫મી ઓક્ટોબર સુધીમાં પોતાનું નામ નોંધાવી દેવું જરૂરી છે. શિબિરમાં ભાગ લેવા માટે ૧૫ થી ૫૦ વર્ષ સુધીની શિક્ષિત વ્યક્તિઓએ જ આવેદનપત્ર ભરવું. નવા શિબિરાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

શિબિરમાં ક્રિયાત્મક યોગ સાધનાની સાથે સાથે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધી, સ્વસ્વામી સંબંધ, વિવેક-વૈરાગ્ય-અભ્યાસ, જપવિધિ, ઈશ્વર સમર્પણ જેવા સૂક્ષ્મ આધ્યાત્મિક વિષયોની જાણકારી પણ આપવામાં આવનાર છે.

શિબિરમાં ભાગ લેવા માટે પ્રવેશ શુલ્ક રૂા. ૧૫૦૦/- રાખવામાં આવેલ છે. જે બેંક ઓફ બરોડાની ધનસુરા, જિ. અરવલ્લીની શાખામાં ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિરનાં ખાતા ક્રમાંક ૦૧૭૯૦૧૦૦૦૧૮૦૫૨ માં ભરી શકાશે. જેનો IFSC Code: BARB0DHANSU છે.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021